## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બહાર નીકળો તો માસ્ક પહેરી જ રાખજો... અમે કોરોનાની વેક્સીન આપી છે... અમૃત નથી આપ્યું...!!

# રીજેકટ હાઈડ્રોકલોરીક એસીડ ભરેલ ટેન્કર એલસીબી પોલીસે ઝડપી પાડ્યું

### ગેરકાયદેસર રીતે જથ્થો ખાલી કરવા જતો હતો તે સમયે ટેન્કર ચાલક ઝડપાયો : જીપીસીબી દ્વારા ટેન્કર અને ફેકટરીમાંથી સેમ્પલ લેવાયા, રૂ.૧૦ લાખનું ટેન્કર જપ્ત કરી પોલીસ તપાસ શરુ

ગાંધીનગર, તા.૭

ફેકટરીઓમાંથી નકામો હાઈડ્રોકલોરીક એસીડનો પ્રદુષિત પાણીનો જથ્થા સાથેનું ટેન્કર એલસીબી પોલીસે ઝડપી પાડ્યું છે. ટેન્કર ચાલક આ પ્રદુષિત જથ્થો ભરીને ગેરકાયદેસર રીતે ખાલી કરવા જતો હતો તે સમયે ભાડજ પાસેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે ૧૯૨૯૦ લીટર પ્રદુષિત પાણીનો જથ્થો અને કિં.૧૦ લાખનું ટેન્કર કબ્જે કરી એલસીબી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ વી.કે.રાઠોડ તેમજ જવાનો સાંતેજ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા એએસઆઈ રણજીતસિંહ અને કોન્સ્ટેબલ ગોવિંદભાઈને બાતમી મળી હતી. એક ટેન્કટર નં.-જી.જે.૦૬.એ.વી. ૩૯૩૬ નો ચાલક અશ્વિન ફાસ્ટેન્સર પ્રો.લી.માંથી પ્રદુષિત પાણી ગુજરાત પ્રદુષણ બોર્ડની મંજુરી વિના ગેરકાયદેસર રીતે ભરી પાણી અવાવરુ જગ્યાએ રાત્રીના અંધકારમાં ખાલી કરી દે છે. જેને પગલે પોલીસે આ ટેન્કર પર વોચ ગોઠવી કોઠારી ચાર રસ્તાથી ભાડજ ગામ તરફ આવેલા વે બ્રિજ પાસેથી આ ટેન્કરને પકડી પાડ્યું હતું. પોલીસે ચાલકનું નામ પુછતા તેણે નાનુ ભરવાડ (જશોદાનગર અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. ટેન્કરમાં શું ભર્યું છે તે અંગે પુછતાછ કરતા ડ્રાઈવર યોગ્ય જવાબ આપી શક્યો ન હતો. જેથી પોલીસે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા આ ટેન્કરમાં પ્રદુષિત પાણી ભરેલુ છે અને આ પાણી અશ્વિન ફાસ્ટેન્સન્સર પ્રા.લી. બ્લોક નં.૫૨૬ કોઠારી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નંબર-૨ રકનપુર સાંતેજ ખાતેથી ભરી નંદેસરી જીઆઈડીસી માં કમલ ઈન્ડસ્ટ્રીજમાં ખાલી કરવાનું જણાવ્યું હતું.જેથી પોલીસે જીપીસીબીને જાણ કરતા પ્રાદેશીક અધીકારી દોડી આવ્યા હતા. તેઓએ ચેક કરતા ટેન્કરમાં ભરેલ ૧૯૨૯૦ લીટર પ્રદુષિત જથ્થો રીજેકટ હાઈડ્રોકલોરીક એસીડનો હતો. જેને પગલે જીપીસીબી દ્વારા ટેન્કર અને ફેકટરીમાંથી સેમ્પલ લેવામાં આવ્યા હતા. પોલીસે રૂ.૧૦ લાખનું ટેન્કર પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- આજે રવિવારની રજાના દિવસે પણ મનપાના આરોગ્ય તંત્ર દ્વારા ૩૦૮ વોરિયર્સનું પસેશન સાઈટ પર વેક્સીનેશન કરવામાં આવ્યું હતું.
- રાજયના મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમ આજે કોરોના વેક્સીનેશન અંગે વધુ એકવાર વિડીયો કોન્ફરન્સ જિલ્લાના અધિકારીઓ સાથે યોજવાના છે.
- રાજય ચૂંટણી પંચે ૧૦ જિલ્લાઓમાં ખર્ચ માટે નિરીક્ષકોની નિયુકિતના હુકમો જારી કર્યા છે.
- ગાંધીનગર શહેરમાં આજે સાંજે માર્ગ પર ટ્રાફિકનું ભારણ વધ્યું હતું.
- આજે રજાનો દિવસ હોવા છતા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની તૈયારીઓને અંતિમ ઓપ આપવા કચેરીઓ ધમધમતી જણાઈ હતી.
- આજે દિવસ દરમિયાન ગરમી જરુર હતી પરંતુ ઠંડા પવનોને કારણે ઠંડી દિવસે પણ લાગતી રહી હતી.
- ચમોલીમાં થયેલ હોનારતને પગલે ગાંધીનગર જિલ્લા તંત્રએ ડિઝાસ્ટરનો કંટ્રોલ રૂમ તાત્કાલિક અસરથી કાર્યરત કરેલ છે. જો કે સાંજના ૬ સુધી ગાંધીનગરનો કોઈ પ્રવાસી ફસાયો હોય તેવી વિગતો જાણમાં આવી નથી.
- આજે જિલ્લામાં કોરોનાના ૮ કેસ અને ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા પણ ૮ નોંધાઈ છે. લાંબા સમય બાદ આ બંને સંખ્યા સમાન આવી છે.

## અડાલજ શનિદેવ મંદિર ખાતે કારનો કાચ તોડી દોઢ લાખ રોકડ ભરેલી બેગની ચોરી

અડાલજ પોલીસ મથક વિસ્તારમાં કારનો કાચ તોડીને ચોરી કરનાર ટોળકી સક્રિય થઈ છે. તાજેતરમાં એપોલો સર્કલ પાસે હોટલમાં જમવા માટે ગયેલા ડોકટર દંપતિની ગાડીનો કાચ તોડી મોંઘીદાટ ચીજવસ્તુઓ ચોરી કરી લઈ ગયા હતા. ત્યારે અડાલજ જમીયતપુરા શનિદેવ મંદિર પાસે કારનો કાચ તોડી બેગની ઉઠાંતરી થવા પામી છે. બેગમાં દોઢ લાખ રોકડા અને જરુરી ચીજવસ્તુઓ હતી. બનાવ અંગે કારના માલિક અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આ ટોળકીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા અને જમીન લે-વેચનો વેપાર કરતા જયેન્દ્રસિંહ નટવરસિંહ પરમાર તા.૬ ના રોજ સાંજના સુમારે પોતાના મિત્ર સાથે શેરથા રામદેવપીર મંદિરે દર્શન કરવા માટે ગયા હતા.ત્યાબાદ સાંજના સાડાસાત વાગે તેઓ પ્રભા શનિદેવ મંદિર ખાતે દર્શન કરવા માટે ગયા હતા.



## કુડાસણ ખાતે યોજાયેલી રકતદાન શિબિરમાં ૪૭ યુનિટસ રકત એકત્ર થયું

ગાંધીનગરના કુડાસણ ખાતે દર્શિત ફાઈનાશિયલ સર્વિસીઝ દ્વારા ફેમકેર વિમેન્સ હોસ્પિટલ ખાતે યોજવામાં આવેલી રકતદાન શિબિરમાં ૪૭ યુનિટસ રકત એકત્ર થવા પામ્યું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં યુવા રકતદાતાઓ તથા મહિલા રકતદાતાઓએ ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આયોજકો દ્વારા દર વર્ષની ૭મી ફેબ્રુઆરીએ સ્વ. દર્ષિત ઠકકરની જન્મતિથિ નિમિત્તે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે જેમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ સહિતના વિવિધ સ્થળોએથી રકતદાતાઓ રકતદાન કરવા સહભાગી થાય છે. આજની રકતદાન શિબિરમાં રકત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકની ટીમ દ્વારા પુરી પાડવામાં આવી હતી.

## સરકારી ઈજનેરી કોલેજમાં ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગરની સેકટર-૨૮ ખાતેની સકારી ઈજનેરી કોલેજમાં સંસ્થાના આચાર્યા ડૉ.એસ. પી. દવે ના માર્ગદર્શન અને ડો. આઈ. બી. દવેના નેતૃત્વ હેઠળ એઆઇસીટીઇ-જીટીયુ પ્રાયોજિત સાપ્તાહિક ઓનલાઈન ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ 'મેટલર્જી ફોર ઓલ'નું આયોજન તારીખ ૧ થી ૬ ફેબ્રુઆરી, ૨૦૨૧ દરમિયાન કરાયું હતું. આ તાલીમના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો એચ. એચ. જાદવ તથા બી. આર. રાણા ના જણાવ્યા પ્રમાણે આ પ્રોગ્રામમાં મેટલર્જી ઈજનેરીના વિવિધ વિષયોનું તજજ્ઞો દ્વારા વિશ્લેષણ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરોક્ત સાપ્તાહિક પ્રોગ્રામ હેઠળ જીટીયુ સંલગ્ન કોલેજોના વિવિધ ઈજનેરી વિદ્યાશાખાના અંદાજે ૮૦-૧૦૦ અધ્યાપકોએ તાલીમ મેળવી હતી.



નિર્મોહી આશ્રમ દ્વારા સેવા વસ્તીમાં ખીચડી-શાકનું વિતરણ એડવોકેટ અશ્વિન ત્રિવેદી, મુકેશ પંડ્યા તથા ભુરાભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

## મધુર ડેરી દ્વારા જાખોરા ગામે મધુર પાર્લરનું ભૂમિપૂજન

ગાંધીનગર, તા. ૭

મધુર ડેરી પુરૂષાર્થના ૫૦માં વર્ષે મધુર પાર્લર બનાવવાનો નવો અભિગમ સાકાર કરવા સહકાર સેતુ કાર્યક્રમ અંતર્ગત કાર્યશાળા યોજવામાં આવ્યો હતો. જેમાં ગામોના સરપંચ, દૂધ મંડળીના પ્રમુખ/મંત્રીઓ હાજર રહેલ તે અંતર્ગત જિલ્લાના મોટી વસ્તી ધરાવતા ગામોમાં મધુર પાર્લર બનાવી ઘેર-ઘેર મધુરની પ્રોડક્ટ મળે તે માટે જિલ્લાનાં ૧૦૦ જેટલા મધુર પાર્લર બનાવવાનું નક્કી કર્યુ હતુ.

જે અંતર્ગત ૬ ફેબ્રુઆરીના રોજ મધુર ડેરીને ૫૦ વર્ષ પૂર્ણ થતાં પાર્લર બનાવવાની શરૂઆત માટે દૂધ સંઘના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા દ્વારા જાખોરા ગામે મધુર પાર્લરનું ભુમિપૂજન કરવામાં આવેલ જેમાં ગામના સરપંચ, દૂધ મંડળીના પ્રમુખ/મંત્રી, મધુર ડેરીની પ્રોક્યોરમેન્ટ ટીમ, માર્કેટીંગ ટીમ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત દશેલા, શિહોલી, ચિલોડા, છાલા ગામે મધુર પાર્લર બનાવવા માટે દૂધ સંઘના ચેરમેન હાજર રહી પાર્લર બનાવવાની જગ્યાઓની પસંદગી પૂર્ણ કરવામાં આવી હતી અને હવે મધુર ડેરી દ્વારા તબક્કાવાર ગામોની પસંદગી કરી પાર્લરો બનાવવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

આ બાબતે સંસ્થા દ્વારા જણાવાયુ છે કે હવે મધુર ડેરી/અમુલની તમામ પ્રોડકટ, શાકભાજી તેમજ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ પોતાના ગામમાંથી જ મળી રહેશે.

## સાદરામાં ગાંધી ખાદી ગ્રામ ઉદ્યોગ દ્વારા ખાદી માસ્ક બનાવી આત્મનિર્ભરતાનું કાર્ય હાથ ધરાયું

ગાંધીનગર, તા. ૭

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન પ્રમાણે સંકુલના ગાંધી ખાદી ગ્રામ ઉદ્યોગ દ્વારા શુદ્ધ સફેદ ખાદી વસ્ત્રના ૪૦૦ માસ્ક બનાવવામાં આવ્યા.

કોરોના સંક્રમણ અગાઉ વિદ્યાર્થીઓએ વિદ્યાભ્યાસ સાથે સાથે ઉદ્યોગ કાર્યમાં સુતરની આંટીઓ બનાવી હાથશાળ દ્વારા ખાદીનું કાપડ બનાવી આત્મનિર્ભરતાનું કાર્ય કર્યુ. આ અંગેની તાલીમ આપવાનું કાર્ય ગાંધી ખાદી ગ્રામ ઉદ્યોગ કેન્દ્રના સેવક હિંમત વાણીયા અને વસંત વાણીયા દ્વારા કરાયો. જે સંદર્ભે કોરોના સંક્રમણ વેળાએ વિદ્યાર્થીઓ ઘરે બેઠા હતા ત્યારે શિવણ મશીન ઉપર પોતાની આત્મસૂઝથી માસ્ક બનાવી વિદ્યાર્થીઓને વિનામૂલ્યે અપાશે.

આજે પણ ગૂજરાત વિદ્યાપીઠના સાદરા સંકુલના ગાંધી ખાદી ગ્રામ ઉદ્યોગમાં પુણી કાંતે તે આંટી બનાવે, આંટી બનાવે તે વણાટ કરે, વણાટ કરે તે વસ્ત્ર પહેરવાના ગાંધી વિચારના સ્વાવલંબી બનવાના ઉદ્યોગ કાર્યએ સમાજ-રાષ્ટ્ર માટે આત્મનિર્ભરતાનું જીવતુ-જાગતુ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. ગૂજરાત વિદ્યાપીઠના માનદ નિયામક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીનું માર્ગદર્શન આ કાર્ય માટે સતત મળતું રહે છે.

# ગુજરાતની સ્થાનિક સંસ્થામાં ચૂંટાયેલા એક સભ્ય પર ૪૮૫ લોકોની જવાબદારી હોય છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

કહેવાય છે કે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારની સુખાકારી માટે મહત્વની હોય છે. આ ચૂંટણી ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં થાય છે. ગુજરાતમાં ૮ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૬૬૪ અને ૧૬૨ મ્યુનિસિપાલિટીમાં ૪૭૮૫ બેઠકોની સંખ્યા છે જે શહેરી વિસ્તારનું પ્રભુત્વ ધરાવે છે. એ ઉપરાંત ૩૩ જિલ્લા પંચાયતમાં ૧૦૮૪, ૨૪૭ તાલુકા પંચાયતમાં ૫૧૬૨ અને ૧૪૦૨૦ ગ્રામ પંચાયતમાં સરપંચ સહિત ૧૨૧૪૨૦ જેટલી બેઠકો છે, જે ગ્રામ્ય વિસ્તારનું સંચાલન કરે છે. આ તમામ લોકલ બોડી ઈલેક્શનમાં કુલ ૧૩૩૧૧૫ સભ્યો મોજૂદ હોય છે, એટલે કે રાજ્યમાં ચૂંટાયેલી સંસ્થાઓમાં પ્રતિ ૪૮૫ વ્યક્તિએ એક પ્રતિનિધિની વ્યવસ્થા કરવામાં આવેલી છે. અત્યારે ફેબ્રુઆરી ૨૦૨૧માં સ્થાનિક ચૂંટણીનો જંગ શરૂ થયો છે. આ જંગમાં ભાજપનો સીધો મુકાબલો કોંગ્રેસ સાથે છે. સામાન્ય રીતે આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારો પણ મોટી સંખ્યામાં વિજેતા થતાં હોય છે પરંતુ તેઓ વિજયી બન્યા પછી જે પાર્ટી સત્તાની નજીક હોય છે ત્યાં સરકી જતા જોવા મળ્યા છે. રાજ્યમાં ૧૯૯૦ પછી ભાજપે

### ધોલેરાની મંદ ગતિ સામે મહારાષ્ટ્રના 'વોક-ટૂ-વર્ક' સ્માર્ટ ઇન્ડસ્ટ્રિયલ ઓરિક સિટીમાં ધમધમાટ...

શહેરી વિસ્તારમાં મતદારો પર પક્કડ વધુ મજબૂત બનાવી છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આજેપણ કોંગ્રેસનું વર્ચસ્વ જળવાઈ રહ્યું છે. હવે બદલાયેલી પરિસ્થિતિમાં હાઈકમાન્ડના આદેશથી ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ વધારે આક્રમક બન્યાં છે અને ગ્રામ્ય વિસ્તારમાં કબજો જમાવવા મહેતન કરી રહ્યાં છે. તેમણે સ્થાનિક ચૂંટણીમાં યુવા અને મહિલાઓને વધારે તક આપી છે. બીજી તરફ કોંગ્રેસ પણ ઉમેદવાર પસંદગીમાં પરિવર્તન કરી રહી છે, કારણ કે તેના અસ્તિત્વનો સવાલ છે. રાજ્યમાં હાલ ૮ પૈકી ૬ મ્યુનિસિપલ કોર્પોરેશન, ૧૬૨ પૈકી ૫૫ નગરપાલિકા, ૩૩ પૈકી ૩૧ જિલ્લા પંચાયત તેમજ ૨૪૭ પૈકી ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણી થવાની છે.

**સાવધાન--- ગુજરાતની પોલીસ યંગ બની રહી છે...**

ગુજરાતના વહીવટી તંત્રમાં સિનિયર મોસ્ટ આઈએએસ અધિકારીઓ વયનિવૃત્ત થયાં છે તેમ ગુજરાત પોલીસમાં પણ સિનિયર આઈપીએસ ઓફિસરો પ્રતિવર્ષ નિવૃત્ત થઈ રહ્યાં હોવાથી યંગ ટીમે વર્ચસ્વ જમાવી દીધું છે. રાજ્યમાં આઈપીએસ ઓફિસરોની ઓથોરાઈઝ્ડ સ્ટ્રેન્થ ૨૦૮ છે જે પૈકી ૧૪૫થી વધુ પોસ્ટ ભરી દેવામાં આવેલી છે. રાજ્યમાં ૧૧૪ સિનિયર ડ્યુટી પોસ્ટ છે. સેન્ટ્રલ ડેપ્યુટેશન પર ૪૦ ટકાથી વધુ ઓફિસરોને મોકલી શકાતા નથી. સામાન્ય રીતે આઈપીએસ ઓફિસરોના સ્કેલ જૂનિયરના ૧.૭૭ લાખ થી ૨.૨૫ લાખ રૂપિયા પ્રતિમાસ નિયત કરવામાં આવેલા છે. ગુજરાતના પોલીસ ચીફ એટલે કે રાજ્ય પોલીસ વડા તરીકે આશિષ ભાટીયા કાર્યરત છે જેઓ મે ૨૦૨૨માં વયનિવૃત્ત થઈ રહ્યાં છે. તેમની સાથે સિનિયર મોસ્ટ આઈપીએસ ટીએસ બિસ્ટ પણ જૂન ૨૦૨૨માં નિવૃત્ત થશે. જો કે ૨૦૨૧માં આઈપીએસ ઓફિસરો પૈકી કેશવકુમાર અને વિનોદ મલ્લ એપ્રિલમાં, રાકેશ અસ્થાના, હરિક્રિશ્ના પટેલ અને ડો. એસકે ગઢવી જુલાઈમાં, એચઆર મુલિયાણા ઓગષ્ટમાં તેમજ એમકે નાયક ઓક્ટોબરમાં વયનિવૃત્ત થવાના છે. ૨૦૨૧ના વર્ષમાં જાન્યુઆરીમાં અરૂણકુમાર શર્મા નિવૃત્ત થયાં છે, જ્યારે આખા વર્ષમાં માત્ર સાત આઈપીએસ ઓફિસરો નિવૃત્ત થવાના છે, જે સંખ્યા અગાઉના વર્ષો કરતાં ઓછી થઈ રહી છે. આઈપીએસમાં વયનિવૃત્ત થનારા ઓફિસરોની સંખ્યા ધીમે ધીમે ઘટતી જાય છે, એટલે કે વાયબ્રન્ટ ગુજરાતના પોલીસ વિભાગમાં વધુને વધુ યંગ અને જૂનિયર આઈપીએસ ઓફિસરો ફરજ બજાવી રહ્યાં છે.

**ખરીદી માટે ગવર્મેન્ટ ઇ-માર્કેટપ્લેસ ફરજીયાત...**

ગુજરાત સરકારના વહીવટી વિભાગો, ખાતાના વડા તેમજ જિલ્લા-તાલુકા કચેરીઓ, જિલ્લા તેમજ તાલુકા પંચાયત અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ જેવી કે પાલિકા અને મહાનગરપાલિકા દ્વારા ખરીદ કરવામાં આવતી ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ (જીઇએમ) પોર્ટલ મારફતે કરવાની સૂચનાઓ રાજ્યના ઉદ્યોગ વિભાગે આપી છે. આ પોર્ટલ ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સ્થાપિત કરવામાં આવેલું છે જેમાં ઓનલાઈન ખરીદી થાય છે. વિભાગે એવી પણ સૂચના આપી છે કે જીઇએમ





પર ઉપલબ્ધ ન હોય તેવી ચીજવસ્તુઓ તેની પર ઉપલબ્ધ થાય તે માટે ખરીદકર્તા કચેરીએ રિક્વેસ્ટ કરવાની રહેશે. આ સાથે એવું પણ કહેવામાં આવ્યું છે કે ૨૫૦૦૦ રૂપિયા સુધીની ચીજવસ્તુઓ

### સરકારમાં હવે ગમે ત્યાંથી ખરીદી નહીં થાય, તમામ કચેરી અને સંસ્થાઓ માટે 'ગવર્મેન્ટ ઇ-માર્કેટપ્લેસ'...

જીઇએમ પર ઉપલબ્ધ નથી તે અન્યત્રથી ખરીદી કરી શકાશે પરંતુ ૨૫૦૦૦ રૂપિયાથી વધુની કિંમતની ખરીદી કરવાની થાય તો ઉદ્યોગ કમિશનરને દરખાસ્ત કરવાની રહેશે. જીઇએમ પર ઉપલ્બધ ન હોય તેવા સંજોગોમાં સરકારના કોઈપણ વિભાગે, વડાએ કે સ્થાનિક સંસ્થાએ ૨૫૦૦૦ થી એક કરોડ સુધીની ખરીદી કરવી હોય તો ઉદ્યોગ કમિશનર અથવા ઉદ્યોગ વિભાગ તેમજ એક કરોડથી વધુની ખરીદી કરવાની હોય તો ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

**કારીગર બનવું છે તો તાલીમની ઉત્તમ તક છે...**

રાજ્યમાં રોજગારીની તકોના સર્જન માટે ઉદ્યોગ વિભાગે કારીગરોની તાલીમ યોજના શરૂ કરી છે જેમાં ઈકો ફ્રેન્ડલી બેગ, ટ્રેડિશનલ લેધર આર્ટીકલ્સ, રેકઝીન બેગ, સોફ્ટ ટોયઝ, વાંસકામ, કડિયાકામ અને પ્લમ્બિંગ, કુદરતી રેસા આર્ટીકલ, નાળિયેર રેસા, મડવર્ક, સીસીટીવી કેમેરા, મોબાઈલ ફોન રિપેરીંગ, માટીકામ કૌશલ્ય અને સોલાર પીવી ઈન્સ્ટોલેશન જેવા કોર્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉદ્યોગ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે ૨૦૨૧ના વર્ષમાં ૧૨૦૦૦થી વધુ યુવાનોને તૈયાર કરવામાં આવશે. આ તાલીમનો સમય ૩૦ થી ૬૦ દિવસનો રાખવામાં આવ્યો છે. તાલીમાર્થીની ઉંમગ ૧૮ થી ૪૫ વયની નક્કી કરવામાં આવી છે. તાલીમની પસંદગી જ્યાં કરવામાં આવે ત્યાં ગ્રામ્ય વિસ્તારમાં માસિક ૩૦૦૦, શહેરી વિસ્તારમાં ૪૦૦૦ અને મહાનગરોમાં ૫૦૦૦ રૂપિયાનું ભાડું નક્કી કરવામાં આવ્યું છે. જે વ્યક્તિ તાલીમ આપે તેને પ્રતિ માસ ૧૨૦૦૦ અને તેના આસીસ્ટન્ટને ૯૦૦૦ રૂપિયાનો પગાર આપવામાં આવશે. તાલીમાર્થીઓને પ્રતિ માસ ૨૫૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ પણ મળશે. કાચા માલ માટે તાલીમના ટ્રેડ પ્રમાણે ૫૦૦૦ થી ૧૦૦૦૦ રૂપિયા સુધીની સહાય અપાશે. આ કોર્સ ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવ્યા છે. તાલીમ પછી જે યુવાન કે યુવતીઓએ તાલીમ લીધી હશે તેમને પ્રમાણપત્ર પણ અપાશે.

**ધોલેરાની વાતો અને 'ઓરિક'ની હકીકત સામે છે...**

ગુજરાતમાં ધોલેરાને સ્માર્ટ સિટી બનાવવાની જાહેરાત પાંચ વર્ષ પહેલાં કરવામાં આવી હતી તેમ છતાં અત્યારે આ સિટીના ડેવલપમેન્ટમાં આઠ થી દસ કંપનીઓએ કામ શરૂ કર્યું છે પરંતુ મહારાષ્ટ્ર સરકારે ઔરંગાબાદને ઓરિક સિટી તરીકે વિકાસ કરવાની જાહેરાત કર્યા પછી આ સિટી ધોલેરા કરતાં ૨૦ ગણી ઝડપે વિકાસ પામી રહ્યું છે. ઓરિક સિટીમાં ગુજરાતની ૧૦૦ જેટલી કંપનીઓએ રસ દાખવ્યો છે પરંતુ ધોલેરામાં મહારાષ્ટ્રની એકપણ કંપની નથી. ઓરિકમાં ૫૨ કંપનીઓએ રોકાણ કર્યું છે. આ ગ્રીનફિલ્ડ સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ સિટી છે જેને દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર (ડીએમઆઈસી)ના ભાગરૂપે મહારાષ્ટ્રમાં ૧૦,૦૦૦ એકર ક્ષેત્રફળમાં વિકસાવવામાં આવ્યું છે. માર્ગો, સીઈટીપી-એસટીપી, ફાયર, વોટર લાઈન વગેરે સહિત માળખાગત સુવિધા ઉભી કરવામાં આવી છે. ઓરિકના રોકાણકારોમાં સાઉથ કોરિયાનું અગ્રણી ઔદ્યોગિક ગૃહ, દુનિયાનું સૌથી મોટું સ્પેન્ડેક્સ ઉત્પાદક જૂથ હીઓસંગ કોર્પોરેશન અને કેટરપિલર ગ્રૂપ કંપની પર્કિન્સ સામેલ છે. એ ઉપરાંત અમેરિકા, યુરોપ, રશિયા, ચીન, જાપાન અને દક્ષિણ કોરિયાની કેટલીક આંતરરાષ્ટ્રીય કંપનીઓ પણ ઓરિકમાં રોકાણ કરી રહી છે. ઓરિક ભારતનું પ્રથમ 'વોક-ટૂ-વર્ક' સ્માર્ટ ઈન્ડસ્ટ્રિયલ સિટી છે. 'વોક ટૂ વર્ક'ની વિભાવના હાઉસિંગ વિકલ્પો, વર્કપ્લેસ અને શોપિંગ સેન્ટર્સને પ્રેરિત કરે છે. ઓરિક ઔરંગાબાદ ઈન્ટરનેશનલ એરપોર્ટથી ફક્ત ૧૫ મિનિટ દૂર છે તથા મુંબઈ, દિલ્હી અને ભારતના અન્ય મેટ્રો શહેરો સાથે જોડતી ફ્લાઈટનું સીધું જોડાણ પ્રદાન કરશે.

### ગુજરાતના સાત આઇપીએસ અધિકારી ૨૦૨૧માં નિવૃત્ત, હવે યંગ ઓફિસરો સ્થાન લઇ રહ્યાં છે...

**ગુલાટી કે રાજગોપાલ -- જર્કના ચેરમેન કોણ બનશે?...**

ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટર કમિશન એટલે કે જીઇઆરસીના નવા ચેરપર્સન તરીકે બે નામોની વિચારણા ચાલી રહી છે જેમાં પૂર્વ આઈએએસ સુજીત ગુલાટી અને રાજગોપાલના નામ સામે આવ્યા છે. આ કમિશનના હાલના ચેરપર્સન એક મહિના પછી નિવૃત્ત થઈ રહ્યાં છે. જીઇઆરસીના હાલના ચેરપર્સન આનંદકુમાર છે અને તેઓ માર્ચ મહિનામાં નિવૃત્ત થવાના છે. રાજ્ય સરકારમાં ફરજ બજાવી ચૂકેલા અને વયનિવૃત્ત થયેલા બે સિનિયર નિવૃત્ત આઈએએસ ઓફિસર સુજીત ગુલાટી અને રાજગોપાલના નામ હાલ સચિવાલયમાં ચર્ચાઈ રહ્યાં છે. હાલના ચેરપર્સન આનંદકુમાર ૨૦૧૬માં જીઇઆરસીમાં નિયુક્ત થયા હતા. તેમણે પાંચમી એપ્રિલ ૨૦૧૬માં પદગ્રહણ કર્યુ હતું અને ગુજરાતમાં સેવા આપ્યાં પહેલાં તેઓ મેઘાલય અને ઉત્તરાખંડમાં પણ ફરજ બજાવી ચૂક્યાં છે. ઉત્તરાખંડમાં તેઓ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટર કમિશનમાં રહ્યાં હતા અને મેઘાલયમાં પણ તેઓ ચેરપર્સન બન્યાં હતા. તેમની પાસે આઈઆઈટી રૂરકીની ઈલેક્ટ્રિકલ એન્જીનિયરીંગની ડીગ્રી છે. તેમની પાસે પાવર સેક્ટરનો ૩૬ વર્ષનો અનુભવ છે. ગુજરાતમાં એનર્જી વિભાગમાં એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે ફરજ બજાવી ચૂકેલા અને વયનિવૃત્ત થયેલા સુજીત ગુલાટી અને પૂર્વ એડિશનલ ચીફ સેક્રેટરી રાજગોપાલ પૈકી કોઈપણ એક ઓફિસર ગુજરાતના આ કમિશનમાં ચેરપર્સન બની શકે છે. સુજીત ગુલાટી જીએસએફસીના મેનેજીંગ ડિરેક્ટર પણ રહી ચૂક્યાં છે. બીજી તરફ રાજગોપાલ ગુજરાત ઉર્જા વિકાસ નિગમમાં પણ મેનેજીંગ ડિરેક્ટર રહી ચૂક્યાં છે.